# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૩/૮/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'લિડર્સ એટ ઘેર પીક' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ર ઓગષ્ટ, ર૦ર૦ના રોજ 'લિડર્સ એટ ઘેર પીક' વિષય ઉપર વેબિનાર યોજાયો હતો. જેમાં નિષ્ણાંત વકતા તરીકે હિલ્તી મેન્યુફેકચરીંગ ઇન્ડિયા પ્રા.લિ.ના એકઝીકયુટીવ મેનેજમેન્ટ ટીમના સભ્ય અમિત કાલરાએ જીવનમાં ઊંચાઇ પામવા માટે જરૂરી વિઝન અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

અમિત કાલરાએ જણાવ્યું હતું કે, તમારું વિઝન કલીયર હોય તો તમે તમારા જીવનમાં બદલાવ લાવી શકો છો. તેમણે આણંદના ત્રિભુવનદાસ પટેલ અને કુરીયન દ્વારા નાંખવામાં આવેલા ડેરી ફાર્મનો દાખલો આપ્યો હતો. જયપુરના જયકિશન ચૌધરીનો દાખલો આપતા તેમણે જણાવ્યું હતું કે, જયકિશન ચૌધરીએ બે મહિલાઓને સાથે રાખીને રગ વેચવાનો કારોબાર શરૂ કર્યો હતો. જેના થકી તેમણે દેશભરમાં ગ્રામિણ વિસ્તારની ૪૦ હજારથી વધુ મહિલાઓને આ કારોબારની ટ્રેનીગ આપી હતી. તેમણે ગ્રામિણ વિસ્તારમાં મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મને લાગે છે કે બધા જ લોકો વિઝનરી હોય છે પરંતુ રાત્રે ઉંઘ્યા બાદ બીજા દિવસે તેઓ બધું ભુલી જાય છે. એના માટે વિઝન સતત તમારા મગજમાં ફરતું રહેવું જોઇએ. તેમણે કહયું હતું કે સ્ટીકી વિઝન ખૂબ જ પાવરફુલ હોય છે. તમારા માટે શું મહત્વનું છે તે સતત વિચારતા રહો. વિઝન તમારા મગજમાં બદલાવ લાવનારું હોવું જોઇએ.

તેમણે સર્વાઇવલ, રિલેશનશિપ, સેલ્ફ એસ્ટીમ, ટ્રાન્સફોર્મેશન, ઇન્ટરનલ કોહેઝન, મેકીંગ ડિફરન્સ અને સર્વિસ વિશે સમજણ આપી હતી. સર્વાઇવલ, રિલેશનશિપ અને સેલ્ફ એસ્ટીમ બાદ તમારામાં હિંમત વધી જાય છે. આ હિંમત પર્સનલ ટ્રાન્સફોર્મેશન માટે જરૂરી હોય છે. અહીંથી જ વ્યકિતમાં પોતાની જાતને બદલવાની ઇચ્છા પ્રબળ બને છે અને તે દિશામાં એ પ્રયાસ પણ કરે છે.

ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન સંજય પંજાબીએ વેબિનારનું સંચાલન કર્યું હતું. અંતે મેનેજિંગ કમિટીના સભ્ય હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.